## ● રાજ્ય બહાર સારવાર લેવાના પરિપત્રનું બિડાણ – ચેકલિસ્ટ ●

કર્મચારીનું નામ :

હોદો :

શાળાનું નામ :

સારવારની વિગત

(1) નિયમ 1(4) હેઠળ તબીબી સારવારના નિયમો આ કિસ્સામાં લાગુ પડે છે કે કેમ?

(2) નિયમ 2(2) હેઠળ અરજદાર કર્મચારી કુટુંબના સભ્યકુટુંબની વ્યાખ્યામાં આવે છે કે કેમ ?

(3) નિયમ 5 હેઠળ કર્મચારીના મુખ્ય મથકે સરકારી હૉસ્પિટલ / દવાખાનું ઉપલબ્ધ હોય તેમ છતાં જિલ્લાની અંદરની અન્ય હૉસ્પિટલમાં સારવાર લેવા માટે અધિકૃત ચિકિત્સકની ભલામણ કે અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ) ગાંધીનગરની પૂર્વમંજૂરી મેળવેલ છે કે કેમ ?

(4) નિયમ 8(1)(ગ) હેઠળ રાજ્ય બહારની હૉસ્પિટલમાં સારવાર લેતાં પહેલાં અધિકૃત ચિકિત્સકની ભલામણ તથા અધિક નિયામકશ્રી (તબીબી)ની પૂર્વમંજૂરી મેળવવામાં આવી છે કે કેમ ? જો ના, તો ઇમરજન્સીમાં રાજ્ય બહારની હૉસ્પિટલમાં સારવાર લેવાનાં સબળ કારણો

(5) નિયમ 10 હેઠળ અનુસૂચિ-1માં ક્લેમ રજૂ કરેલ છે કે કેમ ?

(6) નિયમ 11 હેઠળ ક્લેમ સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે કે કેમ ? જો ના, તો તે અંગેનાં કારણો.

(7) નિયમ 15 હેઠળ તબીબી-ભથ્થું રોકડમાં મેળવવા તથા તબીબી સારવારના ખર્ચનું રિએમ્બર્સમેન્ટ માટે વિકલ્પ આપેલ છે કે કેમ ?

(8) નિયમ 16 હેઠળ શારીરિક ખોડખાંપણવાળા અપંગ કર્મચારીઓના કિસ્સાઓમાં અપંગપણા માટે અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ ?

(9) નિયમ 15(6) અથવા નિયમ 17(2) હેઠળ વિભાગના સચિવશ્રીને ખાસ કિસ્સામાં મંજૂરી આપવાનું ઉચિત જણાતું હોય તો તે અંગેનાં સ્પષ્ટ કારણો સાથેની ભલામણ, પેન્શનરોના કિસ્સામાં આ નિયમ હેઠળ જો ભલામણ ઉચિત જણાય તો નિયામકશ્રી, હિસાબ અને તિજોરીકચેરીએ ખાસ કિસ્સાની ભલામણનાં સ્પષ્ટ કારણો સાથે અગ્રે દરખાસ્ત કરવાની રહેશે.

*નોંધ : રાજ્ય બહાર તબીબી સારવારની દરખાસ્ત વહીવટી વિભાગ મારફત આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને સારવાર લીધાની તારીખથી 6 માસમાં ત્રણ નકલમાં મોકલવી.*